ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૪/ 23
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા. ૨૧ /૦૮/૨૦૧૨.

// પરિપત્ર //

વિષય: નિગમ ધ્વારા કરવામાં આવતા તબદીલીના શરતી હુકમ નિયમિત કરવા બાબતઃ
સંદર્ભ: પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પોઓએલ/૨૪-૩૧-૬૮૯-૯૭, તા. ૦૬/૦૨/૧૯૯૭

તબદીલીના કિસ્સાઓમાં ક્ષેત્રિય કચેરી ધ્વારા ઔદ્યોગિક/ વાણિજ્ય કે રહેણાંક મિલકત માટે જ્યારે ફાળવણીદાર તરફથી તબદીલીની દરખાસ્ત મળે ત્યારે તેની યોગ્ય ચકાસણી તથા જરૂરી મંજૂરી મળ્યા બાદ શરતી તબદીલી હુકમ જારી કરવામાં આવે છે. અરજદારે શરતી તબદીલી હુકમ જારી કર્યાના ૩૦ દિવસમાં મુખ્યત્વે બે પ્રકારની પૂર્તતાઓ કરવાની રહે છે. (૧) નાણાંકીય પૂર્તતા અને (૨) દસ્તાવેજી પુરાવાની પૂર્તતા. શરતી હુકમની ઉપરોક્ત બન્ને પૂર્તતાઓ નિયત સમયમાં ફાળવણીદાર જો કરે તો આખરી તબદીલી હુકમ જારી કરવામાં આવે છે.

પરંતુ, જો આપેલ સમય-મર્યાદામાં અરજદાર જરૂરી પૂર્તતાઓ કરવામાં નિષ્ફળ જાય તો શરતી તબદીલી હુકમ આપોઆપ રદ થઈ જાય છે. જો અરજદાર આપેલ સમય-મર્યાદા પછી જરૂરી પૂર્તતાઓ કરે તો તેવા કિસ્સામાં શરતી તબદીલી હુકમ પુનઃ જીવીત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાનો રહે છે. પરંતુ શરતી તબદીલી હુકમ અને આખરી તબદીલી હુકમ વચ્ચેનાં સમય દરમ્યાન જો ફાળવણી દરમાં ફેરફાર થયેલ હોય તો નવો ફાળવણી દર લાગુ કરવો કે કેમ? તે સવાલ ઉદભવતો હોય છે. આ સંજોગોમાં નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ અને તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૯૭/વિતરણ/૪૬૬/૨૦૧૨ મુજબ નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવેલ છે. અને આ સ્પષ્ટતા આધારે હવે પછી ક્ષેત્રીય કચેરીએ જરૂરી નિર્ણય કરવાનો રહેશે.

(અ) નિગમની પ્રવર્તમાન નીતિ પ્રમાણે કામચલાઉ તબદીલી શરતી હુકમ જારી કર્યા પછી દસ્તાવેજી તેમજ નાણાંકીય પૂર્તતા કરવા માટે આપેલ સમય-મર્યાદા દરમ્યાન જો ફાળવણી દરમાં ભાવ વધારો થાય, પરંતુ ફાળવણીદાર ધ્વારા જો નિયત સમય-મર્યાદામાં કામચલાઉ શરતી તબદીલી હુકમની પૂર્તતા કરેલ હોય તો તેઓને ભાવ વધારો લાગુ પાડવાનો રહેશે નહિં.

(બ) જો કોઈ કિસ્સામાં અરજદાર કામચલાઉ તબદીલી શરતી હુકમની સમય-મર્યાદામાં જરૂરી પૂર્તતા કરી શકેલ ન હોય, કામચલાઉ શરતી તબદીલી હુકમ રદ થઈ ગયેલ હોય પરંતુ નિગમના ફાળવણી દર વધે તે પહેલા ફાળવણીદાર ધ્વારા જરૂરી તમામ નાણાંકીય તેમજ દસ્તાવેજી પૂર્તતા કરી દેવામાં આવેલ હોય, પરંતુ કોઈ કારણોસર નિગમ ધ્વારા ભાવ વધારા પહેલા કામચલાઉ તબદીલી શરતી હુકમ પુનઃ જીવીત કરી આખરી તબદીલી હુકમ જારી કરવાની કાર્યવાહી થઈ શકેલ ન હોય તેવા કિસ્સાઓમાં ભાવ વધારા પહેલા ફાળવણીદાર ધ્વારા જરૂરી તમામ પૂર્તતા થઈ ગયેલ હોવાથી અને તેઓ તરફથી કોઈપણ કાર્યવાહી બાકી ન હોવાથી તેઓને નવો ફાળવણી દર લાગુ પાડી શકાય નહિં અને તેવા કિસ્સામાં કામચલાઉ શરતી તબદીલી હુકમ તેની મુળ શરતો પ્રમાણે પુનઃ જીવીત કરવાનો રહેશે.

તદ્ઉપરાંત સ્પષ્ટતા કરવામાં આવે છે કે, કામચલાઉ શરતી તબદીલી હુકમ જારી કર્યા તારીખથી ફાળવણીદાર ધ્વારા આવા હુકમમાં જણાવેલ તમામ રકમ ભરવામાં આવેલ હોય તે તારીખ સુધીનાં ફાળવણીદારનાં બાકી લેણાં ઉપર કોઈપણ જાતનું વ્યાજ વસુલ કરવાનું થતુ હોય તો કામચલાઉ તબદીલી શરતી હુકમ તેની મુળ શરતોએ જીવીત કરતી વખતે તે વ્યાજ વસુલ કરવાનું રહેશે.

આ પ્રકારની ઉપરોક્ત કાર્યવાહી કરવા અંગે નિગમનાં વિભાગીય પ્રબંધકશ્રીને આપવામાં આવેલ સત્તા જેમ છે તેમ રાખવાનું ઠરાવવામાં આવ્યુ.

(પાછળ..)

વધુમાં નિગમની પ્રવર્તમાન નીતિ પ્રમાણે જે કિસ્સામાં ફાળવણીદાર ધ્વારા કામચલાઉ શરતી તબદીલી હુકમની સમય–મર્યાદામાં તમામ શરતોની પૂર્તતા કરવામાં આવેલ ન હોય. રાને ભાવ વધારા પછી આવી શરતોની પુર્તતા કરવામાં આવે તો નવો ભાવ લાગુ કરવાનો રહેશે અને કામચલાઉ તબદીલી શરતી હુકમ પુનઃ જીવીત કરતા પહેલા નિગમના માન. ઉપા. અને વહી. સંચાલકશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી ના નામજોગ પાઠવવી.

સહી/–

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

⇒ નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ

⇒ નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.

⇒ મેનેજરશ્રી (એસ. એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું

જનરલ મેનેજર ( ઈ એન્ડ એ )